





**હિંમતનગરમાં બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ**

જીલ્લામાં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં બુધવારથી પ્રારંભ થતા હિંમતનગરની વિવિધ હાઈસ્કુલોમાં વિદ્યાર્થીઓના ટોળા જોવા મળ્યા હતા અને હિમતનગરની માય ઓન હાઈસ્કુલમાં પ્રવેશ અપાતા કુમકુમ તિલક કરી અને સાકરથી વધાવ્યા હતા.હિંમતનગર ઝોનમાં ધોરણ-૧૦ના ગુજરાતી વિષયના નોંધાયેલ ૧૧૫૩૭ વિદ્યાર્થી પૈકી ૧૧૨૯૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને અંગ્રેજી (પ્ર) વિષય માટે ૪૪૭ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી.ઈડર ઝોનમાં સાહિત્યના ૧૬ પૈકી ૧૫ અને ગુજરાતી વિષયના ૧૦૭૮૧ પૈકી ૧૦૫૩૨ વિદ્યાર્થી અને અંગ્રેજી વિષયના ૧૪૨ પૈકી ૧૩૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ધોરણ-૧૦ના નોંધાયેલા કુલ ૨૨૯૨૩ પૈકી ૨૨૪૨૪ વિદ્યાર્થી પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુર પાલિકાની પેટાચૂંટણીમાં કોંગ્રેસમાંથી રાજીનામુ આપનારને ભાજપે ટિકિટ આપતા કાર્યકરોમાં વિવાદ

## છેલ્લા દિવસે ભાજપ અને કોંગ્રેસના બન્ને ઉમેદવારોએ ફોર્મ ભર્યા

પાલનપુર નગરપાલિકાની વોર્ડ નંબર ૭માં ખાલી પડેલી બેઠકમાં ઉમેદવારીને લઈને ભાજપમાં અંદરો અંદર વિખવાદનો વંટોળ સર્જાયો છે. કોંગ્રેસમાંથી રાજુનામું આપનાર અશોક પુરોહિતને ભાજપના ઉમેદવાર તરીકે સ્થાનિક ભાજપના કાર્યકર્તા સિવકરવા ત્યાર નથી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ભાજપના એક નેતાએ કોંગ્રેસમાંથી અશોક પુરોહિતને રાજીનામું આપવાની ઓફરમાં ભાજપમાંથી ટિકિટ આપવાનું કમિન્ટમેન્ટ કર્યું હતું. જો કે કોંગ્રેસને અલવિદા કહીને ભાજપ સાથે જોડાણ કરનાર અશોક પુરોહિતને સ્થાનિક ભાજપના કાર્યકર્તા ના પસંદ કરી રહ્યા છે છતાં ભાજપના એક નેતાની જીદના લીધે કોંગ્રેસ છોડીને આવેલ અશોક પુરોહિતને ભાજપે ટિકિટ આપતા આજે છેલ્લા દિવસે ઉમેદવારીપત્ર ભર્યું હતું. જો કે ભાજપના સ્થાનિક કાર્યકર્તા નારાજગી હવે આગામી સમયમાં કોંગ્રેસને ફળે તેવી શક્યતા વર્તાઈ રહી છે તો બીજી તરફ કોંગ્રેસે પણ પાલિકાના વિરોધ પક્ષના નેતા અમરતલાલ જોશીના પુત્ર કૌશલ જોશીને ઉમેદવારીપત્ર ભરાયું છે. આમ વોર્ડ નંબર ૭ માં પાલિકાની પેટાચૂંટણીમાં હવે બ્રાહ્મણ સામે બ્રાહ્મણ ઉમેદવાર વચ્ચે ટક્કર જામશે. આ પેટાચૂંટણીમાં ભાજપ માટે જીતવી એટલા માટે મહત્વની છે કે જો હાર થાય તો ધોબી કા કુત્તા ન ઘર કા, ન ઘાટ કા તેવી હાલત અશોક પુરોહિત થાય તો નવાઈ નહિ.

# શિહોરી-થરા ખાતે ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષા આરંભાઈ

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે આવેલ એમ.વી. વલાણી હાઈસ્કૂલમાં આજરોજ સમુજી મલાજી (સરપંચ શિહોરી), ડી.પી. ચીતરોડીયા (આચાર્ય), વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા પરીક્ષા શાંતિપૂર્વક લેવામાં આવે તે માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. ધોરણ-



માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક ધો. ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓને કપાળ પર તીલક તેમજ મોં મીઠુ કરાવી પરીક્ષા માટેની શુભકામનાઓ શિક્ષકોએ તેમજ અગ્રણીઓએ આપી હતી.

આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના બનાસકાંઠા જિલ્લાના મહામંત્રી ભારતીસીંહ ભટેસરીયા, થરા નગરપાલિકા પૂર્વ પ્રમુખ મૂળરાજસિંહ વાઘેલા, મફાજી સોલંકી, કિશોરભાઈ પ્રજાપતિ, હતા. શિહોરી હાઈસ્કૂલ ખાતે ૩ યુનિટમાં પરીક્ષા ફાળવવામાં આવી હતી. જેમાં ૩૯ બ્લોકમાં ૮૮૫ વિદ્યાર્થીઓમાંથી ૮૭૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જ્યારે થરા આંગડ હાઈસ્કૂલ ખાતે ૨૫ બ્લોકમાં ૭૧૬ વિદ્યાર્થીઓમાંથી ૬૯૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ ઉપરાંત થરા ઠાકોર બોર્ડીંગ ખાતે આવેલ સ્વસ્તિક વિદ્યાલય ખાતે ૧૨ બ્લોકમાં ૩૫૩ વિદ્યાર્થીઓમાંથી ૩૫૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ૧૦ના વિદ્યાર્થીઓને ગુજરાતી વિષયનું પેપર હતુ. જે સી.સી.ટીવી કેમેરા અને ટેબલેટથી મોનિટરીંગ વચ્ચે ચુસ્ત બંદોબસ્તમાં લેવામાં આવી હતી. છાત્રો પરીક્ષા સ્થળમાં પ્રવેશ કરે ત્યારે દરવાજા પાસે એક પ્રશ્ચાતાપ પેટી રાખવામાં આવી હતી. પરીક્ષાર્થી ગેરરિતીનું સાહિત્ય લાવ્યા હોય તો સ્વેચ્છાએ આ પેટીમાં નાખશે. શિહોરી ખાતેની હાઈસ્કૂલમાં સદ્ભાવના મિશન દ્વારા વિદ્યાર્થીઓ માટે ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# મેઘરજ ખેતીવાડી બજાર ઉત્પન્ન સમિતીની ચૂંટણી ૧૨ એપ્રિલે યોજાશે

મેઘરજ, તા. ૧૫

મેઘરજ ખેતીવાડી બજાર ઉત્પન્ન સમીતીની ચૂંટણી આગામી એપ્રિલ મહિનામાં યોજવા જઈ રહી છે ત્યારે માર્કેટયાર્ડની ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોએ અત્યારથી જ તૈયારીઓ આરંભી દીધી છે.

મેઘરજ માર્કેટયાર્ડની યોજાનાર ચૂંટણીમાં ખેડૂત મતવિભાગમાંથી ૮ અને વેપારી મત વિભાગમાંથી ૪ તેમજ સહકારી ખરીદ વેચાણ મંડળીઓનો મતવિભાગમાંથી ૧ સભ્ય એમ મળી કુલ ૧૩ સભ્યોની નિયુક્તિ માટે ૧૨ એપ્રિલે મતદાન યોજાશે. જેને લઈને તાલુકાના રાજકીય અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓએ પેનલ બનાવી ચોક્કસ વ્યુહરચનાથી ચૂંટણી જીતવાની કવાયત હાથ ધરી દીધી છે. તાલુકાના મતદારોને રીજવવા અને પોતાની તરફેણમાં મતદાન કરવા માટેના પ્રયત્નો ચાલુ કરી દીધા છે. જેની મતગણતરી ૧૩ એપ્રિલે મેઘરજ માર્કેટ ખાતે કરવામાં આવશે.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ધો. ૧૦-૧૨ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

અરવલ્લી, તા. ૧૫

૧૫ માર્ચ ૨૦૧૭ના રોજ અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં માધ્યમિક ઉચ્ચત્તર શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં બોર્ડના ૮૯ પરીક્ષા કેન્દ્રો પર ૮૧ હજારથી વધુ વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ માહોલમાં પ્રથમ દિવસે પરીક્ષા આપી હતી. મોડાસા શહેર સહિત બન્ને જિલ્લાના સંચાલક મંડળ અને વિવિધ સામાજીક સંસ્થાઓએ પરીક્ષાર્થીઓને કુમકુમ તિલક કરી સાકરથી મોં મીઠુ કરાવી માનસિક તણાવ દૂર કરવા ગુલાબના ફૂલ આપી શુભેચ્છા પાઠવી હતી. બન્ને જિલ્લામાં સોશ્યલ મીડીયામાં વોટ્સઅપ પર ધો. ૧૨ કોમર્સનું પેપર લીક થયાના સમાચારો વહેતા થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં અરાજકતા સર્જાઈ હતી.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં બુધવારે ગુજરાત રાજ્ય શૈક્ષણિક બોર્ડ દ્વારા ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. ધો. ૧૦ના વિદ્યાર્થીઓને પ્રથમ સત્રમાં અને બપોરે ધો. ૧૨ની પરીક્ષા આપવા પહોંચેલા પ્રવેશ દ્વાર આગળ મોડાસા શહેરના પ્રથમ નાગરીક મેયર વનિતાબેન પટેલ પટ્ટીવાલા, ધી ઘાંચી હાઈસ્કૂલના પ્રમુખ રાજાબાબુ સહિત મોડાસા



પરીક્ષાર્થીઓને બોર્ડની પરીક્ષાનો તણાવ હળવો કરવા અને બોર્ડની પરીક્ષાનો માનસીક ભય દૂર કરવાની સાથે પરીક્ષામાં સફળતા મેળવવાના શુભ આશયથી અને પરીક્ષાર્થીઓને આહલાદક વાતાવરણ મળી રહે તે માટે મોડાસા શહેરના પરીક્ષા કેન્દ્રો જેવા કે મોડાસા હાઈસ્કૂલ, સર્વોદય હાઈસ્કૂલ, સરસ્વતિ વિદ્યાલયના મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપિન શાહ, સરસ્વતી બાલ મંદિર મંડળના પ્રમુખ નિલેષભાઈ જોષી, જિલ્લા ભાજપા મંત્રી શામળભાઈ શાહ, કોર્પોરેટર સુભાષભાઈ શાહ, આશીષ જયસ્વાલ, નિકેશ પરમાર, નિતિનભાઈ પંડ્યા, શહેર ભાજપા પ્રમુખ જગદીશ ભાવસાર, કોંગ્રેસના કાદરઅલી સૈયદ, ઉમ્મરભાઈ લાયન્સ કલબ, જાયન્ટસ કલબ, જેસીઆઈ મોડાસા, મારૂતિ વિકાસ મંડળ જેવી સેવાકીય સંસ્થાઓએ ઉમળકાભેર પરીક્ષાર્થીઓને આવકારી ગુલાબના ફૂલ આપી તિલક કરી, સાકર વડે મોં મીઠુ કરાવી શાંતિપૂર્વક પરીક્ષા આપવા માટે શુભેચ્છા પાઠવી હતી.





**પ્રાંતિજ સહિત તાલુકામાં બોર્ડની પરીક્ષાનો આજથી પ્રારંભ**

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં પણ બોર્ડની પરીક્ષાનો આજથી આરંભ થયો હતો જેમાં વિદ્યાર્થીઓએ કેમેરા અને ચુસ્ત બંદોબસ્ત વચ્ચે બોર્ડનું પ્રથમ પેપર આપ્યું હતું. પ્રાંતિજ સહિત તાલુકામાં ધોરણ ૧૦ અને ૧૨ની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી પરીક્ષાનો આજથી પ્રારંભ થયો હતો જેમાં પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપતાં પહેલાં પ્રવેશ દ્વાર ઉપર શાળાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને કુમકુમ તિલકની સાથે મોઢું મીઠું કરાવીને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી જયારે ધોરણ- ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓએ સી.સી.ટીવી કેમેરા સુપરવાઈઝર અને ચુસ્ત બંદોબસ્ત વચ્ચે બોર્ડની પરીક્ષાનું પ્રથમ પેપર આપ્યુ હતું. જયારે પ્રથમ દિવસે પેપર ઈજી રહેતાં વિદ્યાર્થીઓના ચહેરાઓ ઉપર સ્મિત જોવાં મલ્યુ હતું અને શાંતીમય માહોલમાં વિદ્યાર્થીઓનું પ્રથમ પેપર પસાર થતાં તંત્રએ પણ હાશકારો લીધો હતો.

# અરવલ્લી જિલ્લામાં ૬૭ તલાટીઓની ઘટ પુરી કરવામાં ભાજપ સરકારની ઉદાસીનતા : મહેન્દ્રસિંહ વાઘેલા

અરવલ્લી, તા. ૧૫

વિધાનસભામાં પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન પ્રશ્નક્રમાંક-૪માં મહેન્દ્રસિંહ વાઘેલા, ધારાસભ્ય બાયડ-માલપુર દ્વારા પુછેલ પ્રશ્ન તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર તલાટીઓની કેટલી ઘટ છે? તેના સંદર્ભમાં પંચાયત મંત્રીએ લેખિતમાં જવાબ આપતાં જણાવ્યું હતુ કે, મેઘરજમાં ૧૫ તલાટીઓ, બાયડમાં ૧૩ તલાટી, ધનસુરામાં ૮ તલાટીઓ, માલપુરમાં ૯ તલાટીઓ, મોડાસામાં ૯ તલાટીઓ અને ભિલોડામાં ૧૩ મળી કુલ ૬૭ તલાટીઓની ઘટ અરવલ્લી જિલ્લામાં ઘટ છે.

ધારાસભ્ય વાઘેલાએ આ પ્રશ્ન અંગે પેટા પ્રશ્ન કરતાં જણાવ્યું હતું કે, પંચાયતોના વિભાજન થયા બાદ સેજાઓનું મહેકમ કેટલા સમયમાં મંજૂર કરવામાં આવશે ? તેમજ તલાટીઓ પાસેથી સરકાર દ્વારા અન્ય વધારાની જે કામગીરી કરાવવામાં આવે છે તે બંધ કરાવવા માંગે છે કે કેમ ? તેના સંદર્ભમાં મંત્રીએ બેજવદાર રીતે જવાબ આપેલ કે, આ પ્રશ્ન મહેસુલ વિભાગને લગતો હોઈ અમો આ બાબતે કાંઈ કરી શકતા નથી, પરંતુ વિભાજન થયેલ પંચાયતોની મહેકમ મંજુર કરવા અંગેની દરખાસ્ત મળ્યેથી યોગ્ય કાર્યવાહી કરીશુ. તલાટી જેવી અગત્યની જગ્યાએ આટલા મોટા પ્રમાણમાં ખાલી હોવાના કારણે ભાજપની સરકાર ગામડામાં વસતા લોકોની મુશ્કેલીઓને કેવી નજરઅંદાજ કરે છે તેનો વરવો દાખવો અરવલ્લી જિલ્લામાં દેખાય છે.

# પાલનપુરમાં એસટી બસના ચાલકને એટેક આવતા કરૂણ મોત

## ડ્રાયવર કેબીનમાંથી નીચે પડતા બસનું ટાયર ડ્રાયવરના માથા પર ફરી વળ્યુ

પાલનપુર ના મેરવાડા નજીક એક એસ ટી બસ ના ડ્રાયવર ને ત્યારે મેરવાડા નજીક પસાર થઈ રહેલી બસ ના ડ્રાયવર મહમદ અને ડ્રાયવર નું ઘટના સ્થળે કરુંણ મોત નીપજ્યું હતું જો કે ઘટના સ્થળે



ચાલુ બસે હૃદયરોગ નો હુમલો થતા ડ્રાયવર નું મોત નીપજ્યું હતું જો કે ડ્રાયવર ની સમય સુચકતા થી પચાસ જેટલા મુસાફરો નો બચાવ થયો હતો.આજે વહેલી સવારે પાલનપુર મહેસાણા બસ પાલનપુર થી ઉપડી અને મહેસાણા તરફ જઈ રહી હતી ભાઈ બેલીમ ને હૃદયરોગ નો હુમલો થતા પ્રથમ ડ્રાયવરે સમય સુચકતા વાપરી અને એસ ટી બસ ને નજીક ના ખાડા મા ઉતારી દીધી હતી જો કે ત્યારબાદ ડ્રાયવર કેબીન મા થી નીચે ફસડાઈ જતા એસ ટી નું ટાયર ડ્રાયવર ના માથા પર ફરી વળ્યું હતું દોડી આવેલા એસ ટી ના અધિકારી અને તાલુકા પોલીસે મૃતક ના મૃતદેહ ને સિવિલ મા પી એમ માટે ખસેડાયો હતો આ ઘટના મા ડ્રાયવરે જીવ ખોયો પરંતુ પચાસ જેટલા મુસાફરો નો સમય સુચકતા થી જીવ બચાવ્યો હતો.

## પાલનપુર ખાતે ૩૦મીએ ડાક-અદાલત

પાલનપુર, તા. ૧૫

બનાસકાંઠા પોસ્ટલ ડીવીઝનની ટપાલ સેવા, ટપાલ વિતરણ, કાઉન્ટર સેવા, બચત બેંકના પ્રશ્નોના નિકાલ માટે તા. ૩૦-૩-૨૦૧૭ના રોજ સવારે ૧૧ કલાકે અધિક્ષક ડાકઘર બનાસકાંઠા પાલનપુરની કચેરીમાં ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

## મહેસાણા જિલ્લામાં ધો-૧૦-૧૨ના વિદ્યાર્થીઓની બોર્ડ પરીક્ષાનો શાંતિપુર્ણ પ્રારંભ

મહેસાણા જિલ્લામાં આજથી શરૂ થઈ રહેલી એસ.એસ.સી. અને એચ.એસ.સી.ની જાહેર પરીક્ષાના જિલ્લાના ૬૯૧૦૩ વિદ્યાર્થી પરીક્ષાર્થીઓને સફળતાની શુભેચ્છાઓ રમેશ મેરજાએ પાઠવી હતી. અધિક કલેકટરે પરીક્ષાર્થીઓને કુમકુમ તિલક સાથે મોં મીઠુ કરાવી ગુલાબ આપી શુભેચ્છાઓ પાઠવી હતી. જિલ્લામાં તમામ કેન્દ્રો પર શાંતિપુર્ણ પરીક્ષાઓ યોજાઈ રહી છે જિલ્લાના પરીક્ષા કેન્દ્રોને સી.સી ટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે આ ઉપરાંત ગેરરરીતી અટકાવવા તેમજ અનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવ્યો છે તેમ અધિક કલેકટરે રમેશ મેરજાએ જણાવ્યું હતું.

# દાંતાના ખાપરા ગામે રીંછના હૂમલામાં ફોરેસ્ટરનું મોત

દાંતા, તા. ૧૫

સરહદી બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના ખાપરા ગામે આજે જંગલી જાનવર રીંછના ભયાનક હૂમલામા વન વિભાગ દાંતાના આર.એફ.ઓ. એન.એચ. પટણીનું મોત થયું હતું. જ્યારે વન વિભાગના ત્રણ કર્મચારી ગંભીર ઘાયલ થયા હતા. જેઓને ૧૦૮ દ્વારા દાંતા રેફરલ અને ત્યાર બાદ પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા. ગઈકાલે ખાપરાના જગલમા રીંછે ભયાનક હુમલો કરતા બે લોકો મોતને ભેટ્યા હતા.અને બે ગંભીર ઘાયલ થયા હતા. જેને પગલે આજે દાંતા વન વિભાગ દ્વારા રીંછને પકડવાની કામગીરીના ભાગે બે ફોરેસ્ટર સહિત ચાર જણની ટિમ ખાપરાના જગલમા ગઈ હતી. જો કે, આજે વનવિભાગની આ ટિમ પર રીંછે હુમલો કરી દેતા ત્રણ કર્મચારી ઘાયલ થયા હતા. જ્યારે રીંછને પકડવા જતા ગુમ થયેલા દાંતા રેન્જમા ફરજ બજાવતા ફોરેસ્ટર એન.એચ. પટણીનો મૃતદેહ મળી આવ્યો હતો. દાંતા ધારાસભ્ય કાંતિ ખરાડી, ડી.એફ.ઓ બારડ, દાંતા મામલતદાર સહિત વન વિભાગ અને દાંતા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. અને મૃતક ફોરેસ્ટર પટણીના મૃતદેહનો કબ્જો લઈ દાંતા રેફરલમા લાવવાની કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, રીંછના ભયાનક હુમલામા ત્રણના મોત થયા છે. અને પાંચ જેટલા લોકો ગંભીર ઘાયલ છે. ત્યારે વનવિભાગ દ્વારા આજે રીંછને પકડવાનું રેસ્ક્યુ હાથ ધરવાનું હતું પરંતુ ફોરેસ્ટર પટણીના મોતને પગલે વન વિભાગ દ્વારા આવતીકાલે રેસ્ક્યુ હાથ ધરાશે તેવા અહેવાલ સાંપડ્યા છે.



**રીંછના હૂમલામાં ઘાયલોની યાદી**

રામાભાઈ ભીખાભાઈ અંગારી ઉ.૩૫ રહે.ખાપરા તા.અમીરગઢ, કાળુભાઈ સોમાભાઈ પરમાર ઉ.૩૭ રહે. ખાપરા તા.અમીરગઢ, નવાજી રાવતાજી રબારી ઉ.૪૦ રહે.ગંછેરા તા. દાંતા, ઉમરખાન ભુરેખાંન બલોચ ઉ.૫૫ રહે. નવાવાસ તા. દાંતા.

**મૃતકોની યાદી**

ભીખાભાઈ ગલાભાઈ ભગોરા ઉ.૨૫ રહે.ખાપરા તા. અમીરગઢ, માનાભાઈ ભીખાભાઈ અંગારી, ઉં.૨૨, રહે.ખાપરા, તા. અમીરગઢ, એન.એચ. પટણી ફોરેસ્ટર- દાંતા.